SARDAR GURJARI

1 OCT 2017

# સેરલિપ વકતૃત્વ સ્પર્ધામાં સેમકોમ કોલેજનું ગૌરવ

આણંદ, તા. ૩૦

સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્સ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ) દ્વારા આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.



આ સ્પર્ધામાં સેમકોમ કોલેજના દ્વિતીય વર્ષ બીબીએ માં અભ્યાસ કરતા ધાર્મિક દેસાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

આ વકતૃત્વ સ્પર્ધામાં જો સરદાર પટેલ વડાપ્રધાન હોત તો ? સરદાર પટેલ અને કાશ્મીર સમસ્યા, સરદાર પટેલના સ્વપ્નનું ભારત અને વર્તમાન ભારત જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. સેમકોમ કોલેજના વિદ્યાર્થી ધાર્મિક દેસાઈએ સરદાર પટેલના સ્વપ્નનું ભારત અને વર્તમાન ભારત પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. સરદારના મતે સાચી કેળવણી તો તે છે જે માણસને પોતાના પગ પર ઊભા રહેતા શીખવે, અને ચારિત્ર્યવાન નાગરિકનું નિર્માણ કરે. સરદારના કેળવણી, કૃષિ ક્ષેત્રે અને અખંડ ભારતના સ્વપ્નો આજના વર્તમાન યુગમાં કઈ રીતે સાંકળી શકાય તેના પર ચર્ચાનું કેન્દ્ર રહ્યું હતું. આ વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આચાર્ય ડો. વહીદા થોમસ અને ડો. નિશરીન પઠાણના માર્ગદર્શન હેઠળ વિજેતા વિદ્યાર્થીને સમગ્ર સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

SANDESH
1 OCT 2017

# સેમકોમ કોલેજનું ગૌરવ

વલ્લભવિદ્યાનગર : સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ-સેરલિપ દ્વારા ૨૫ સપ્ટેમ્બરના રોજ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન કરાયુ હતું. જેમાં કોલેજના દ્વિતીય વર્ષ બીબીએમાં અભ્યાસ કરતા ધાર્મિક દેસાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનુ ગૌરવ વધાર્યુ છે. જો સરદાર પટેલ વડાપ્રધાન હોત તો વિષય પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા. પ્રિ. ડૉ. વહીદા થોમસ, ડૉ. નિસરીન પઠાણના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં અભિનંદન પાઠવવામા આવ્યા હતા.